Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



સ્વ. શ્રીયુત કુંવરજીભાઈ આણંદજી

જેમની પંદરમી પુણ્યતિથિ પોષ શુદિ અગિયારસના રોજ ઉજવવામાં આવી હતી.

પુસ્તક ૭૬ મું
અંક ૩-૪ ૨૫ મી જાન્યુઆરી : પોષ–મહા : વિ. સં. ૨૦૧૬ : ઈ. સ. ૧૯૬૦
વીર સં. ૨૪૮૬

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | સાહિત્યદ્યોતિકા .... .... | (પં. શ્રી ધુરંધરવિજયજી ગણિ) | ૩૩ |
| ૨ | ઐન્દ્રસ્તુતિ ચતુર્વિંશતિકા: સાનુવાદ શ્રી ચંદ્રપ્રભજિનસ્તુતિ | (મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી) | ૩૪ |
| ૩ | નમસ્કાર-મહામંત્ર મૌક્તિકમાલ (૨) | (પં.શ્રી સુશીલવિજયજી ગણિવર્ય) | ૩૫ |
| ૪ | સત્યનો મહિમા .... .... | (મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી) | ૩૬ |
| ૫ | શ્રી સિદ્ધચક્રજીની આરતિ .... | (મુનિરાજશ્રી મનમોહનવિજયજી) | ૩૮ |
| ૬ | સાગર તરંગ .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૩૯ |
| ૭ | તીર્થંકરની વિભૂતિ: અતિશયો અને પ્રાતિહાર્યો: ૩ | (શ્રી હીરાલાલ ર. કાપડિયા M. A.) | ૪૧ |
| ૮ | રત્નમંડન ગણિકૃત સારસ્વતોલ્લાસ કાવ્ય .... | (શ્રી અગરચંદ નાહટા) | ૪૩ |
| ૯ | શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક-સાર્થ: ૨૭ | (આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ) | ૪૪ |
| ૧૦ | જિનદર્શનની તૃષા .... .... | (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા) | ૪૬ |


### પૂજા ભણાવવામાં આવી

પોષ શુદ ૧૧ ને શનિવારના રોજ સ્વર્ગસ્થ શ્રીયુત કુંવરજીભાઈ આણંદજીની પંદરમી પુણ્યતિથિ નિમિત્તે સવારના નવ કલાકે સભાના મકાનમાં શ્રી છોટાલાલ નાનચંદ શાહ તથા શ્રી જયકુંવર કુંવરજીના તરફથી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી, જે સમયે પૂ. શ્રી સાધુ-સાધ્વીજી મહારાજો ઉપરાંત સભાસદ બંધુઓ અને અન્ય ભાવુકોએ સારો લાભ લીધો હતો.

### ગ્રાહક બંધુઓને વિજ્ઞપ્તિ

## વી. પી. શરૂ થઈ ગયા છે

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના સં. ૨૦૧૫-૨૦૧૬ ના લવાજમના રૂા. ૬-૮-૦ સાડા છ વસુલ કરવા માટે "શ્રી નૂતન શત્રુંજયોદ્ધાર" પુસ્તક વી. પી.થી મોકલાઇ રહ્યું છે, તો વી. પી. આવ્યેથી સ્વીકારી લેવા વિજ્ઞપ્તિ છે.

શરતચૂકથી વી. પી. પાછું ન ફરે અને જ્ઞાનખાતાને નુકશાન ન થાય તે માટે ખાસ લક્ષ રાખવા વિનંતિ છે.


નવપદારાધન માટે અતિ ઉપયોગી — **સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)**

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત મુદ્દાસર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠઆના લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ


| પુસ્તક ૭૬ મું<br>અંક ૩-૪ | પોષ–મહા | વીર સં. ૨૪૮૬<br>વિ. સં. ૨૦૧૬ |
|---|---|---|


## सतीसूक्तषोडशिका

### १७. षोडशिका-सुन्दरी

वृणुते वरकरणं विभ्रमसरणं सद्वृत्ता वर्णैर्विशदा संस्कृतनिनदा,
ततनवनवभावा गुणसद्भावा–विमलकमलदलकलचरणा सदलङ्करणा ।
सङ्गीतकगीतिः, सुघटितरीतिः, कण्ठगताऽतनुशं तनुते विरतिं चिनुते,
रसजितमृद्वीका मधुरध्वनिका सुन्दरी जयति शमरसिका वरषोडशिका ॥ १७ ॥

### १८. प्रशस्तिः

इत्थं मया जलधिवर्गमिता महत्यः,
सत्यः स्तुता प्रवरवृत्तभवैः सदुक्तैः ।
वर्षे सहस्रयुगले शरचन्द्रयुक्ते,
माघे सितेऽन्तिमदिनेऽत्र धुरन्धरेण ॥ १८ ॥

( क्रमशः )

—પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

न्यायविशारद-न्यायाचार्य-महोपाध्याय श्रीमद्‌यशोविजयजीगणिविरचिता-

# ऐन्द्र-स्तुति-चतुर्विंशतिका ( सानुवादा )

अनुवादकः-मुनिराजश्री हेमचंद्रविजयजी

## श्रीसुविधिनाथजिनस्तुतिः

( उपजातिवृत्तम् )

यस्याऽतनोद्, देवततिर्महं सु-प्रभाऽवतारे शुचिमन्दरागे ।
इहाऽस्तु भक्तिः सुविधौ दृढा मे, प्रभावतारेऽशुचि मन्दरागे ॥ १ ॥

જેમના જન્મકાળે સુંદર કાંતિવાળા દેવતાઓના સમુદાયે પવિત્ર મેરુપર્વત ઉપર જઈ મહોત્સવ ઉજવ્યો. તે પ્રભાવવડે ઉજ્જવળ અથવા પ્રભાવથી સંસારસાગરનો પાર પ્રાપ્ત કરાવનાર, શોકરહિત, જેમના આશ્રયથી રાગની મન્દતા થાય છે તેવા શ્રી સુવિધિનાથ ભગવંતની ઉપર મારી નિશ્ચલ ભક્તિ થાવ. ૧

अभूत् प्रकृष्टोपशमेषु येषु, न मोहसेना जनितापदेभ्यः ।
युष्मभ्यमाप्ताः प्रथितोदयेभ्यो, नमोऽहसेनाः, जनितापदेभ्यः ॥ २ ॥

હાસ્ય રહિત એવા કેવલજ્ઞાની મુનિવરોના સ્વામી હે તીર્થંકર દેવો! જેઓનું જ્ઞાન. અથવા અતિશય પ્રસિદ્ધ છે, જેઓ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રિવિધ સંસારના તાપને ખંડન કરનારા છે, ઉત્કૃષ્ટ ઉપશમ-શાંતિવાળા જેઓને વિષે મોહરાજાની સેના વિપત્તિ ઉત્પન્ન કરી શકી નથી એવા આપને નમસ્કાર થાવ. ૨

वाणी रहस्यं दधती प्रदत्त-महोदयाऽवद्भिरनीति हारि ।
जीयाज्जिनेन्द्रैर्गदिता त्रिलोकी-महो वद्भिरनीति हारि ॥ ३ ॥

અન્યાયને હરણ કરનાર-મનોહર-જેનાથી (અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ-મૂષક-શલભ-શૂક-સ્વરાષ્ટ્ર-પરરાષ્ટ્ર ભય-)એ છએ પ્રકારની ઈતિ-ભયનો અભાવ થાય છે એવા સકલ શાસ્ત્રોના સારભૂત રહસ્યને ધારણ કરનાર, જે મ ાન્ ઉદય-મોક્ષપદને આપનાર છે એવી દયાવાળા-ત્રણ જગતનું રક્ષણ કરતા શ્રી તીર્થંકર દેવોએ પ્રતિપાદન કરેલી તે વાણી જયવંતી વર્તો. ૩

जगद्धृतिर्विद्रुमकान्तकान्तिः, करोऽतुलाभं शमदम्भवत्याः ।
ददन्नतानां ज्वलनायुधे ! नः, करोतु लाभं शमदं भवत्याः ॥ ४ ॥

હે જ્વલનાયુધા દેવી! કપટરહિત-સરલ એવા તમારો જગતનો આધારભૂત, પ્રવાલ જેવી મનોહાર કાન્તિવાળો હાથ, નમસ્કાર કરનાર મનુષ્યોને ઉપશમ-શાન્તિજનક સુખને આપતો છતો અમોને નિરુપમ શોભાવાળા લાભને આપો. ૪

( ચાલુ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

# શ્રી નમસ્કાર મહામંત્ર–મૌક્તિકમાલા

( ૨ )

લેખક : પૂ. પંન્યાસજી શ્રી સુશીલવિજયજી ગણિવર્ય

નવકાર–એ મંત્ર વિશ્વના સર્વ મંત્રોમાં 'શિરોમણી–સાર્વભૌમ–મહામંત્ર' છે. ૧

નવકાર–એ મંત્ર જગતમાં સદૈવ 'શાશ્વત' છે. ૨

નવકાર–એ મંત્રનો મહાઉપકાર જગતભરમાં ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોની જેમ 'અનંત' છે. ૩

નવકાર–એ મંત્ર સમસ્ત શ્રી જૈનશાસનનો 'અનુપમ સાર' છે. ૪

નવકાર–એ મંત્ર આચારાંગ વગેરે અગિયાર અંગ અને બારમા દ્રષ્ટિવાદ અંગ પૈકી ચૌદપૂર્વનો 'અપૂર્વ ઉદ્ધાર' છે. ૫

નવકાર–એ મંત્ર વિશ્વના નિખિલ માંગલિકોનું 'મહામૂળ' છે. ૬

નવકાર–એ મંત્ર કલ્યાણરૂપી કલ્પદ્રુમનું 'અવન્ધ્ય બીજ' છે. ૭

નવકાર–એ મંત્ર દરિદ્રતારૂપી કંદને નિર્મૂળ કરનાર 'વરાહ–સુઅરની દાઢા' છે. ૮

નવકાર–એ મંત્ર શરૂઆતમાં સમ્યક્ત્વરત્નને ઉત્પન્ન કરનાર રોહણાચલ પર્વતની 'મનોહર ધરણી' છે. ૯

નવકાર–એ મંત્રના અક્ષરો માત્ર અક્ષરો જ છે એમ નહિં કિન્તુ સાક્ષાત્ 'અક્ષરસ્વરૂપ દેવો' છે. ૧૦

નવકાર–એ મંત્ર સંસારરૂપી હિમગિરિના શિખરોને ઓગાળી નાખનાર 'પ્રચંડ સૂર્ય' છે. ૧૧

નવકાર–એ મંત્ર મિથ્યાત્વાદિરૂપી તિમિરને હરનાર 'મહાદીપક' છે. ૧૨

નવકાર–એ મંત્ર સદ્ગતિના આયુષ્યબંધરૂપી તરુવરનો સૌરભમય 'સુંદર પુષ્પોદ્ગમ' છે. ૧૩

નવકાર–એ મંત્ર મહામંગલકારી 'મંગળ કળશ' છે. ૧૪

નવકાર–એ મંત્ર પાપરૂપી સર્પોને વશ કરનાર 'ગરૂડ પક્ષી' છે. ૧૫

નવકાર–એ મંત્ર કંઠમાં પહેરવાનો 'નવશેરો હાર' છે. ૧૬

નવકાર–એ મંત્ર સદ્ધર્મની સિદ્ધિનું 'શુભ ચિહ્ન' છે ૧૭

નવકાર–એ મંત્ર સંસારસાગરમાં 'સુંદર જહાજ' છે. ૧૮

નવકાર–એ મંત્ર સર્વ વિઘ્નવિનાશનું 'અપ્રતિમ કારણ' છે. ૧૯

નવકાર–એ મંત્ર સકલ કાર્યોમાં 'મહામંગલ-રૂપ' છે ૨૦

નવકાર–એ મંત્ર નિખિલશાસ્ત્રમાં 'મહાશાસ્ત્ર' છે. ૨૧

નવકાર–એ મંત્ર જગતના નિખિલ મંત્રરત્નોની ઉત્પત્તિનું અમૂલ્ય 'મૂળસ્થાન' છે. ૨૨

નવકાર–એ મંત્ર સકલ વાંછિત પદાર્થોને પૂર્ણ કરનાર 'અદ્વિતીય કલ્પતરુ' છે. ૨૩

નવકાર–એ મંત્ર જૈનધર્મનો અલૌકિક સર્વોત્કૃષ્ટ પરમ પવિત્ર 'ગુરુમંત્ર' છે. ૨૪

નવકાર–એ મંત્ર જગતના સહુ કોઈ જીવને એક સરખો 'અસીમ ઉપકારક' છે. ૨૫

નવકાર–એ મંત્ર વિશ્વના સકલ સુખનો 'અનુપમ પ્રયોજક' છે. ૨૬

નવકાર–એ મંત્ર દુનિયાના નિખિલ દુઃખનો 'અજોડ વિઘાતક' છે. ૨૭

નવકાર–એ મંત્ર બોધિલાભનું 'મહાનિમિત્ત' છે. ૨૮

નવકાર–એ મંત્ર પંચપરમેષ્ઠિરૂપી રત્નોની 'સુંદર ખાણ' છે. ૨૯

નવકાર–એ મંત્ર ચૌદપૂર્વરૂપી મહાનદીઓના નિર્મળ જળને પોતાના ઉદરમાં સમાવનાર 'મહા-સાગર' છે. ૩૦

નવકાર–એ મંત્ર કર્મદળરૂપી ધાન્યને દળી નાખનાર 'મહાન્ ચક્કી' છે. ૩૧

નવકાર–એ મંત્ર મોહ અને તેની સેનાને જીતવાનું 'દિવ્ય શસ્ત્ર' છે ૩૨

(ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્યનો મહિમા

લેખક : મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી

જીવનવ્યવહાર આજે એટલો કપરો બની ગયો છે કે માણસ પોતાના જમા ઉધારના પાસા પૂરા કેમ કરવા તેની ચિંતામાં ડૂબી રહ્યો છે અને તેથી આત્માના સ્વાભાવિક ગુણોને ભૂલી જઇ બીજી તરફ ખૂબ આગળ વધી રહ્યો છે.

વિભાવ દશામાં પડેલા આત્માઓ પોતાની કેટલી બરબાદી કરી રહ્યા છે, તે તેઓ દેખી શકતા નથી, આથી તેઓ ઊંધા રસ્તે દોડી રહ્યા છે અને પોતાની પ્રગતિને રુંધી રહ્યા છે.

વ્યવહાર જેટલો સત્ય ઉપર નિર્ભર છે, તેટલો જૂઠ ઉપર નથી, તે સનાતન સિદ્ધ હોવા છતાં માણસ આજે કેટલી અનીતિ કરી રહ્યો છે! વિચારમાં જૂઠ, વાણીમાં જૂઠ અને વર્તનમાં પણ જૂઠ. જૂઠ અને જૂઠ. આથી ચોપડા ખોટા બનાવ્યા, ભેળસેળ વધારી મૂકયા, ખોટા તોલ, ખોટા માપ કર્યા, દગા-ફટકા વધારી મૂકયા. તેથી જીવનમાં અશાંતિ વધી, શાંતિ કયાંય રહી નહિ.

જ્ઞાની ભગવંતો સમજાવે છે કે 'જેટલું સત્ય વાણીનું પાલન કરશો, તેટલી સુખશાંતિ અનુભવશો' સત્ય બોલનારને કદી શંકા રહેતી નથી, સુખે નિદ્રા લઇ શકે છે. જ્યારે જૂઠ બોલનારને કયારે ય શાંતિ હોતી નથી, સુખે નિદ્રા પણ લઈ શકતા નથી. એક જૂઠું બોલ્યા પછી તે જૂઠાને સાબિત કરવા માટે બીજા અનેક જૂઠા બોલવા પડે છે. જૂઠું બોલનારની વાણી એકસરખી નીકળી શકતી નથી.

કેટલાકને એમ લાગે છે કે 'આજના કાળમાં સત્ય વ્યવહાર ચાલી શકે જ નહિ, પણ આ માન્યતા ભૂલભરેલી છે. આજે પણ સત્ય પાલન કરનારા છે. તેઓના સત્યધર્મથી જ પૃથ્વી ટકી રહી છે. ઋતુઓ સમકાળે આવે છે, સમુદ્ર માઝા મૂકતો નથી, ભયંકર ધરતીકંપ થતા નથી તથા એવી કોઇ દૈવી આપત્તિ પણ આવતી નથી.

ચોરીના વ્યસનમાં પડેલા હોવા છતાં સત્યની પ્રતિજ્ઞાનું પાલન કરવાથી શ્રીકાંત શેઠ, રાજાને કેવા માન્ય બને છે તે નીચેના કથાનક ઉપરથી સારી રીતે સમજી શકાશે.

રાજગૃહી નગરીમાં શ્રીકાંત નામે એક શેઠ રહેતા હતા. તેઓ વ્યાપાર કરવામાં ઘણા કુશળ હતા અને રાજદરબારમાં સ્થાન પામેલા હતા, પણ ચોરીના વ્યસનથી પરાધીન હતા, એટલે રોજ રાત્રે ચોરી કરવા જતા.

રાજગૃહીનગરીમાં રોજ ચોરી થવાથી લોકોએ રાજા આગળ ફરિયાદ કરી, પણ ચોર પકડાયો નહિ, સફેદ કપડામાં છૂપાયેલો ચોર એકદમ કેમ પકડાય?

એક વાર તે નગરમાં બહારગામથી જિનદાસ નામનો એક બારવ્રતધારી શ્રાવક કોઇ કામ પ્રસંગે રાજસભામાં આવ્યો. તેના વિનય-વિવેકથી પ્રભાવિત થયેલા રાજાએ તેને જમવા માટે આમંત્રણ આપ્યું. ત્યારે એ શ્રાવકરત્ને કહ્યું કે 'અનીતિ કરનારને ત્યાં હું ભોજન કરતો નથી.' રાજયભંડારમાં કેટલુંક ધન અનીતિનું આવે છે, એ વાત રાજા સારી રીતે જાણતો હતો, એટલે તેણે પોતાને ત્યાં જમવા વિશેષ આગ્રહ ન કરતાં શ્રીકાંત શેઠ સામે જોયું. શ્રીકાંત શેઠ રાજાનો અભિપ્રાય સમજી ગયો, એટલે તેણે જિનદાસને કહ્યું કે 'હું શુદ્ધ વ્યાપાર કરું છું, માટે મારે ત્યાં જમવા પધારો.'

જિનદાસ શ્રીકાંત શેઠને ત્યાં ગયો અને કહ્યું કે 'પ્રથમ તમારો વ્યવહાર બતાવો, પછી જ તમારે ત્યાં ભોજન કરીશ.' જો પોતાનો વ્યવહાર ન બતાવે તો જિનદાસ શ્રાવક જમ્યા વિના પાછો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય અને તેથી લોકોમાં અનીતિખોર તરીકે પોતે ઊઘાડો પડી જાય, એટલે શ્રીકાંત શેઠે પોતાની સત્ય હકીકત કહી સંભળાવી અને બે હાથ જોડી વિનંતિ કરી કે 'મારી આબરુ બચાવો, તમે મારે ત્યાં ભોજન કર્યું નથી, એમ રાજાના જાણવામાં આવશે તો મારા પર અત્યંત નારાજ થશે અને મારું આખું કુટુંબ પાયમાલ થઇ જશે.'

આ સાંભળી જિનદાસે કહ્યું કે 'હું તમારે ત્યાં ભોજન તો નહીં જ કરું, કારણ કે તમારા અશુદ્ધ ભોજનથી મારી બુદ્ધિ પણ ભ્રષ્ટ થાય.'

શ્રીકાંતે કહ્યું કે 'જો એમ જ હોય તો ચોરીના ત્યાગ સિવાય તમે કહો તે કરવા હું તૈયાર છું, પણ મારી લાજ રાખો.'

જિનદાસે કહ્યું કે 'તમે અસત્ય ન બોલવાની પ્રતિજ્ઞા કરો, કારણ કે એક બાજુ બધું પાપ ભેગું કરવામાં આવે ને બીજી બાજુ અસત્ય મૂકવામાં આવે તો અસત્યનું પલ્લું નમી જાય છે. વળી અસત્ય અવિશ્વાસનું કારણ છે. તેથી સત્પુરુષો પ્રાણાંતે પણ અસત્ય બોલતા નથી.'

આ સાંભળી શ્રીકાંત શેઠે અસત્ય ન બોલવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરી અને જિનદાસે તે દિવસે ઉપવાસ કરી શ્રીકાંત શેઠની લાજ રાખી.

શ્રીકાંત શેઠ અંગીકાર કરેલા સત્યવ્રતનું દૃઢતાથી પાલન કરવા લાગ્યા, પણ ચોરી કરવાની ટેવ ગઇ નહિ. એક વાર એક કુટેવ મનુષ્યનો કબજો લઇ લે છે, પછી તે કેમે ય કરી છૂટતી નથી, તેથી જ મહાપુરુષોએ કુટેવોથી સદંતર દૂર રહેવાનો ઉપદેશ આપેલો છે.

એક રાત્રે શ્રીકાંત શેઠ ચોરી કરવા જઇ રહ્યા હતા, ત્યાં છૂપાવેશે નગરચર્યા જોવા નીકળી પડેલા રાજા શ્રેણિક અને અભયકુમાર સામે મળ્યા. એ વખતે અભયકુમારે પૂછ્યું કે 'તું કોણ છે?' શ્રીકાંત શેઠે હિમ્મતથી જવાબ આપ્યો કે 'ચોર' અભયકુમારે ફરીથી પ્રશ્ન કર્યો કે 'તું ક્યાં જાય છે?' ત્યારે શ્રીકાંત શેઠે જવાબ આપ્યો કે 'રાજાના ભંડારમાં ચોરી કરવા જાઉં છું". અભયકુમારે એક વિશેષ પ્રશ્ન કર્યો 'તું ક્યાં રહે છે? તારું નામ શું?' એટલે શ્રીકાંત શેઠે જવાબ આપ્યો કે 'હું અમુક પાડામાં રહું છું અને મારું નામ શ્રીકાંત છે.'

ચોરી કરવા જનારો એક મનુષ્ય પોતે ચોરી કરવા ક્યાં જઇ રહ્યો છે તે કહી દે અને પોતાનું નામઠામ બતાવી દે, એ માન્યામાં આવે એવી વાત ન હતી, એટલે રાજા તથા મંત્રી તેને કોઈ ભેજાનો ચસકેલ માની આગળ ચાલ્યા અને શ્રીકાંત શેઠ પોતાના રસ્તે પડ્યો.

શ્રીકાંત રાજભંડારમાંથી ચોરી કરીને પાછો આવતો હતો, ત્યારે પણ રાજા અને મંત્રી સામા મળ્યા. એ વખતે અભયકુમારે પૂછ્યું કે 'તું કોણ છે?' ત્યારે શ્રીકાંત શેઠે જવાબ આપ્યો કે 'હું ચોર છું.' ફરી બીજો પ્રશ્ન પૂછ્યો કે 'આ શું લઈ જાય છે?' તેના ઉત્તરમાં કહ્યું કે 'રાજભંડારમાંથી રત્નની એક પેટી ચોરી છે, તે મારા ઘરે લઇ જાઉં છું.'

'આ તો પેલો ભેજા ચસકેલ પાછો આવ્યો' એમ માની રાજા તથા મંત્રીએ તેની ઉપેક્ષા કરી. શ્રીકાંત શેઠ સહીસલામત પોતાના ઘરે પાછો આવ્યો. અસત્ય ન બોલવાની પ્રતિજ્ઞા લીધા પછી આજે તેમની ભારે કસોટી થઇ હતી, પણ તેમાં તે પાર ઉતર્યા હતા. રણમાં પણ મીઠી વીરડી હોય છે તેનો ઇન્કાર કોણ કરી શકશે?

પ્રાતઃકાલમાં ભંડારીને ખબર પડી કે રાજભંડારમાં ચોરી થઇ છે, એટલે આ તકનો લાભ લઈને તેણે બીજી પણ કેટલીક પેટીઓ આડીઅવળી કરી નાંખી અને કોટવાલને તથા રાજાને ચોરી થયાની ખબર આપી.

રાજાએ ભંડારીને બોલાવ્યો અને પૂછપરછ કરી તો ભંડારીએ જણાવ્યું કે 'રાત્રિના ચોરી થયેલી છે અને તેમાં મહામૂલ્યવાન રત્નોની દશ પેટીઓ ગુમ થઈ છે.'

ભંડારીનો આ જવાબ સાંભળીને રાજાએ અભયકુમાર સામું જોયું, એટલે અભયકુમાર તેમનો

For Private And Personal Use Only

અભિપ્રાય સમજી ગયા અને સિપાઈઓ મારફત શ્રીકાંતને બોલાવી મંગાવ્યો.

તેને રાજાએ પૂછ્યું: 'રાત્રે તેં શું ચોર્યું છે? તેનો જવાબ આપ.'

આ પ્રશ્નથી શ્રીકાંત શેઠ સમજી ગયા કે રાત્રે જે બે વ્યક્તિઓ જતી અને આવતી વખતે સામી મળી હતી, તે બીજી કોઇ નહીં પણ આ રાજા અને મંત્રીની જુગલ જોડી જ હતી. તેણે કહ્યું કે 'સ્વામિન્! આપ શું ભૂલી ગયા? આપના દેખતાં જ હું રત્નની એક પેટી લઇને જતો હતો.'

રાજાએ કહ્યું કે 'જે હકીકત સાચી હોય તે જણાવી દે, નહિ તો ભારે શિક્ષાને પાત્ર થઇશ.'

શ્રીકાંત શેઠે કહ્યું કે 'મારે અસત્ય ન બોલવાની પ્રતિજ્ઞા છે. એટલે જે કંઇ કહ્યું છે તે સાચું જ કહ્યું છે, આપ રાત્રિની વાતચીત યાદ કરો, એટલે એ વાતની ખાતરી થશે.'

આ પ્રમાણે શ્રીકાંત શેઠનો જવાબ સાંભળી અભયકુમારે ભંડારીને ધમકાવ્યો અને તેના ઘરની જડતી લીધી તો બાકીની બધી પેટીઓ ત્યાંથી મળી આવી. રાજાએ તેને ભારે શિક્ષા કરી, પછી શ્રીકાંત શેઠને કહ્યું કે 'જેવી રીતે તું સત્યવ્રત પાળે છે, તેવી રીતે બીજા વ્રતો પણ પાળ.'

શ્રીકાંત શેઠે રાજાની આ સૂચનાનો સહર્ષ સ્વીકાર કર્યો. એટલે રાજાએ તેને પોતાનો ભંડારી બનાવ્યો અને આગળ જતાં તે પ્રભુ મહાવીરનો પરમ શ્રાવક બની આદર્શ જીવન ગાળવા લાગ્યો.

આ કથા ઉપરથી સાર એ લેવાનો છે કે, સત્યનું પાલન કરવાથી મનુષ્ય આ ભવમાં સુખી થાય છે અને પરલોક સુધારી શકે છે. સત્ય બોલનારને કદી ભીતિ રહેતી નથી અને સઘળા પ્રકારની આબાદી પ્રાપ્ત કરી શકે છે. કહ્યું છે કે :—

" सच्चं जसस्स मूलं, सच्चं विस्सासकारणं परमं।
सच्चं सग्गद्दारं, सच्चं सिद्धिगइसोवाणं॥ "

સત્ય યશનું મૂળ છે, સત્ય વિશ્વાસનું શ્રેષ્ઠ કારણ છે, સત્ય સ્વર્ગનું દ્વાર છે, અને સત્ય મોક્ષ-ગતિનું પગથિયું છે. સૌ કોઇ સત્યનું સેવન કરી મોક્ષગતિને પ્રાપ્ત કરો એ જ શુભેચ્છા.

## સિદ્ધચક્રની આરતી

જય જય આરતી સિદ્ધચક્રદેવા, નિત્ય નિત્ય હોજો ચરણની સેવા;
પહેલી આરતી અરિહંત દેવ, ઈંદ્રાદિક કરતા જસ સેવ. જય૦ ૧

દુસરી આરતી સિદ્ધ ભગવંત, જન્મ મરણનો કર્યો છે અંત;
ત્રીજી આરતી સૂરિ ગુરુરાય, ગુરુ પદમાં જે પ્રથમ સોહાય. ૨

ચોથી આરતી વાચક પ્રધાન, મુનિગણને દીએ જ્ઞાનનું દાન;
પાંચમી આરતી ત્યાગી મુણીંદ, જિનકથિત માર્ગે ટાળે ભવફંદ. ૩

દર્શન જ્ઞાન ચારિત્રે સોહાય, ઉત્તમ તપ જે છે સુખદાય;
મનોહર નવપદ આરતી કરતાં, મનમોહન તિમિરને હરતા. ૪

મુનિરાજશ્રી મનમોહનવિજયજી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાગર તરંગ

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

સૂર્યાસ્તનો સમય હતો. સમુદ્રના કિનારે આવી આથડતા જલતરંગો અતિ મનોહર લાગતા હતા. સૂર્યના કિરણો તરંગો ઉપર નૃત્ય કરતા જણાતા હતા. અને વિવિધ રંગોની છટાઓથી અસંખ્ય ઇંદ્રધનુષ્યોનું ટોળું જાણે પ્રેક્ષકો આગળ પોતાનું દેવા નૃત્ય કરી તેમનું રંજન કરતા હતા. સમુદ્ર પોતાનું ગંભીરપણું લોકોને બતાવી જલતરંગોનું ગાયન પ્રસ્તુત કરતો હતો. તરંગોમાંથી નીકળતું સંગીત પ્રેક્ષકોને રીઝવતું હતું. મનોહર શીતલ વાયુ તરંગો સાથે ગેલ કરતો હતો. સૂર્ય પોતાના અસ્ત સમયે પણ પોતે લાલ કિરણો ધારણ કરી જરા પણ ખેદ નહીં ધરાવતા પ્રાપ્ત સ્થિતિમાં પણ સમાધાન અને આનંદ માનતો હતો. ઉદય અને અસ્ત એવા બંને પ્રસંગોને સરખો જ ગણનાર રવિરાજ લોકોને શાંતિ અને સમતાને પાઠ આપતો જણાતો હતો.

સૂર્યાસ્ત થઈ ગયો અને પૃથ્વીએ શ્યામલ વસ્ત્રો ધારણ કરવા માંડ્યા એવામાં રાત્રિંચર-નિશાપતિ ઉદય પામ્યો. એ સમુદ્રનો પુત્ર હોવાથી સમુદ્રને પોતાના પુત્રના દર્શનથી અત્યંત આનંદ થયો. અને પોતાના પુત્રને ભેટવા માટે અત્યંત આતુર થઇ ઉછાળા મારવા માંડ્યો, મોજાંઓ વધારે જોરદાર થયા, કિનારા ઉપર જોરશોરથી અથડાવા લાગ્યા. જે સમુદ્ર ક્ષણ પૂર્વે શાંત ગંભીર હતો તે જ સમુદ્ર પોતાનું રૌદ્રરૂપ પ્રગટ કરવા માંડ્યો. જે સમુદ્ર સ્થિર અને આંખને શાંતિ આપનારો હતો તે જ સાગર ક્ષણવારમાં ઉચ્છૃંખલ થઈ જાય છે. એનું કારણ શું ? એની શાંતિ અને ગંભીરતા ક્યાં જતી રહી ? જેનો સ્પર્શ હર્ષ ઉત્પન્ન કરતો હતો તે જ સમુદ્રની પાસે જવામાં ભીતિ લાગે એનું કારણ શું ?

મનુષ્ય પણ જરા જેવી શાંતિ નહીં ગુમાવતા ગંભીર વિષય ઉપર ચર્ચા કરતો હોય છે અને એવામાં અકસ્માત કોઇ ઓળખીતો કામનો માણસ આવી મળે ત્યારે તે પોતાનું ગંભીરપણું તજી તરત જ અત્યાનંદમાં આવી જઇ ખૂબ ખીલે છે. પોતાની શાંતતા ભૂલી તરત જ જાણે નાચવા માંડી જાય છે. પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી સ્નેહાદિક વિકારોનાં આવેશમાં પોતાનું રૂપ બદલી નાખે છે અને નાચવા-કૂદવા માંડે છે. એ વખતે માણસ મૂળ સ્વરૂપ પલટી પર્યાયોમાં લીન થઇ જાય છે. જેમ સ્નેહ, પ્રેમ કે વાત્સલ્ય એ વિકારો છે તેમ કામ, ક્રોધ, લોભ, અહંકાર આદિ વિકારો જ્યારે પોતાનું સ્વરૂપ બતાવવા માંડે છે ત્યારે તેના મૂળ રૂપનો જાણે તદ્દન લોપ જ થઈ ગએલો જણાય છે.

સમુદ્રમાં જ્યારે આંતરિક ભાગનો ક્ષોભ જાગે છે. પ્રભંજન વાયુ વહેવા માંડે છે ત્યારે તે જ ગંભીર અને શાંત સમુદ્ર અત્યંત વિકરાળ રૂપ ધારણ કરે છે. પર્વતપ્રાય પાણીના મોજાંઓ જાણે આકાશને ભેટવા માગે છે અને સમુદ્રની સપાટી ઉપર તરતા નાના મોટા વહાણોને એક દડાની માફક ઉછાળે છે એનો એ ખેલ કેટલો ક્ષોભ પહોંચાડનારો હોય છે એ તો પ્રત્યક્ષ અનુભવીઓ જ કહી શકે. એક સ્ટીમરને પણ સ્હેજમાં હડસેલી ઉછાળે અને જાણે આજ પ્રલયકાળ આવી પહોંચ્યો હોય એવો પ્રસંગ ઊભો કરે છે. પ્રસંગોપાત અનેક જીવોનો એ કોળીઓ પણ કરી જાય છે પરંતુ આપણે જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે આપણને સ્પષ્ટ પ્રતીત થાય છે કે, સમુદ્રનું એ સ્વરૂપ કાંઈ સ્થાયી નથી, એ તો ક્ષણજીવી વિકૃતિ છે, માનવ જીવનમાં પણ એવા પ્રસંગો અનેકવાર બની જાય છે. ક્રોધનો કોઇ પ્રસંગ ઉપસ્થિત થાય છે અને મનુષ્ય પોતાનું સમતોલપણું ખોઇ બેસે છે. આવેશને અને પ્રક્ષોભને તાબે થઇ એ મહાભયંકર બની જાય છે. યદાતદા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બડબડવા માંડે છે, એનું શરીર લાલચોળ બની જાય છે. અંગ ધ્રુજવા માંડે છે, ભાષા ઉપર સંયમ રહેતો નથી, નહીં બોલવા જેવા શબ્દો મુખમાંથી સર્યા જ કરે છે. પહેલા શાંત અને ગંભીર વિચારશીલ મનુષ્ય એ જ છે કે આ બીજો, એવો સંદેહ પેદા થાય છે તેમજ કોઈ દુઃખાતિરેકનો પ્રસંગ બની જાય છે ત્યારે એવી જ વિષમ સ્થિતિ પેદા થય છે. એક શાંત, વિચારશીલ અને વિવેકી ગણાતો ગંભીર માણસ છતાં એક નાના બાળકની પેઠે રડવા બેસે છે, મ્લાન, દીન બની ફીકો પડી જાય છે. પોતામાં રહેલું બધું બળ જાણે ખોઈ બેસે છે. આપણે વિચારમાં પડી જઈએ કે, પ્રક્ષોભ, ભ્રષ્ટના, વિવેક અને પ્રાસંગિક દૈન્ય એ કાંઈ એ મનુષ્યનો સ્થાયીભાવ નથી. એ તો વિકારોનું તાંડવ છે. પરાધીનપણાનું લક્ષણ છે, કમકુવતપણાની કસોટી છે, અપૂર્ણતાનું એ દર્શન છે. આવી કસોટી ઉપર ચડવાના પ્રસંગે પણ શાંતિ અને ગંભીરપણું જાળવવાની આવડતનો અભાવ જ સૂચવે છે.

પ્રક્ષોભ અને તાંડવનું કારણ દૂર થતાં સમુદ્ર ફરી શાંતરૂપ ધારણ કરી તરંગોનું મનોહર નૃત્ય શરૂ કરે છે. જલયાનોને પોતાની પાઠ ઉપર સુખેથી પ્રવાસ કરવાની અનુકૂળતા કરી આપે છે ગયું પરવાર્યું બધું ભૂલી જઈ પોતાની મૂળ પ્રકૃતિ વેરે છે. જાણે કાંઈ બન્યું જ નથી, એમ ગંભીરતા ધારણ કરી મૂળ પ્રકૃતિ ધારણ કરી લ્યે છે. તેમ મનુષ્ય પણ પોતાના પ્રક્ષોભનું કારણ દૂર થતાં ફરી પોતાની મૂળ પ્રકૃતિને અનુસરી વર્તન કરવા માંડે છે. પ્રસંગોપાત ગઈ ગુજરી ભૂલી શાંતિનો અનુભવ કરે છે અને એ ભૂલ માટે પસ્તાવો પણ કરે છે. તેમજ બીજાઓને શાંતિ ધારણ કરવાનો ઉપદેશ પણ આપવા લાગે છે.

રાજકીય સંઘર્ષ ફાટી નીકળે છે અને ભયંકર આંદોલન શરૂ થાય છે. ત્યારે સમુદ્રના પ્રક્ષોભની પેઠે લોકોમાં પણ દુષ્ટ કૃત્યોનું તાંડવ શરૂ થાય છે. માનવ એટલો ક્રોધી થઈ જાય છે કે પોતાનું પણ ભાન ભૂલી જાય છે. ભાઈ-ભાંડુઓ પણ એને દુશ્મન જણાય છે. એની આંખો ઉપર એવા પડલો છવાઈ જાય છે કે, એ જાણે પોતાને બાળવા તૈયાર થઈ જાય છે. પૂરેપૂરો આંધળો તે થઈ જાય છે. પોતે કરી રહેલા અપકૃત્યો તેને યોગ્ય જણાય છે. જાણે પોતાને જ આ જગતમાં રહેવાનો, બોલવાનો હક છે. બીજાનો કાંઈ હક જ ન હોય એવું એ બડબડવા માંડે છે. રેલવે ઉથલાવી નાખવાના કૃત્યમાં એ પોતાના જ ભાઈ બહેનોના જીવ જોખમમાં મૂકી મહાન પાપ કરે છે એ બધું એ ભૂલી જાય છે. સુધરાઈના દીવા ફોડવામાં જાણે એક શત્રુને જ પરાસ્ત કરતો હોય એવો એને ભ્રમ થાય છે. અને પોતાને હાથે પોતાનું જ ગળું કાપી રહ્યો છે એ બધું જ એ ભૂલી જાય છે. પોતાનો રોષ કોના ઉપર પોતે ઠાલવે છે એનું એને ભાન જ હોતું નથી. મતલબ કે, એ માનવ મટીને પશુ જ થઈ જાય છે. અમો તો એટલે સુધી કહીશું કે પશુઓ પણ એવા કૃત્યો કરતા નથી. તેમનું લક્ષ્ય તો તાત્કાલિક સ્વાર્થ સાધવા જેટલું મર્યાદિત હોય છે. પણ માનવ એવા અપકૃત્યો કરે છે કે, તે માનવ મટી રાક્ષસ જ થયો હોય એમ સ્પષ્ટ જોવામાં આવે છે, એ પોતાની ક્ષણિક પ્રક્ષુબ્ધ વૃત્તિઓને તાબે થઈ માનવતાને જ ફેંકી દે છે. જે ભાઈ ભાઈ સુખેથી પાડોશી તરીકે રહેતા હોય તે જાણે ઘણા વર્ષોના વેરી થઈ જાય છે. જેના ઉપકાર નીચે આપણે દબાએલા હોઈએ, જેના ઉપકારનો બદલો કોઈ રીતે વાળી શકીએ તેમ નથી એવું પૂરેપૂરું જાણતા હોઈએ તેમની જ સામે અભદ્ર શબ્દો ઉચ્ચારતા તેને શરમ પણ લાગતી નથી. એટલો એ ગાંડોતુર બની જાય છે. એ વિવેચન ઉપરથી એ સિદ્ધ થાય છે કે, માનવ વિકારવશ થાય છે ત્યારે એ પોતાને ભૂલી જાય છે. પોતાની સ્થિતિને ભૂલી જાય છે. પોતાની લાયકાત અને સમજણ કેટલી છે એ વસ્તુ એના ધ્યાન બહાર જતી રહે છે. પોતાનું ડહાપણ જાણે સર્વોપરી છે એવો એને ભ્રમ પેદા થાય છે. એવી ભ્રમણામાં એના મ્હોંમાંથી અપશબ્દો નિકળી જાય છે. અને નૃશંસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થંકરની વિભૂતિ : અતિશયો અને પ્રાતિહાર્યો

## [ લેખાંક ૩ : ચાર મૂલાતિશયો ]

લે. શ્રી હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

**અર્થ**—'મૂલાતિશય' એ 'મૂલ' અને 'અતિશય' આ બે સંસ્કૃત શબ્દો ઉપરથી બનાવાયેલો સમાસ છે. 'મૂલ'ના વિવિધ અર્થ થાય છે. મૂળિયું, શરૂઆત, પ્રથમ, મુખ્ય, પાયો, અસલ ઇત્યાદિ.

'અતિશય' એ 'અતિ' ઉપસર્ગપૂર્વકના 'શી' ધાતુ ઉપરથી બનાવાયેલો શબ્દ છે. એના પુષ્કળ અને અધિકતા–ઉત્કૃષ્ટતા એમ વિવિધ અર્થો થાય છે. પ્રસ્તુતમાં 'મૂલાતિશય'નો અર્થ મુખ્ય–પાયાનો અતિશય (fundamental excellence) હોય એમ લાગે છે. 'મૂલાતિશય'નો અર્થ કોઈ વિશેષતઃ પ્રાચીન કૃતિમાં દર્શાવાયો છે ખરો અને હોય તો તે કઈ?

'મૂલાતિશય' એ અર્થમાં 'અતિશય' શબ્દ પણ કોઈ કોઇ વાર વપરાયેલો જોવાય છે. દા. ત. 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **યોગશાસ્ત્ર** (પ્રકાશ ૧, શ્લો. ૧)ની સ્વોપજ્ઞ વૃત્તિ(પત્ર ૧ આ)માં તેમજ મલ્લિષેણસૂરિએ **અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા** (શ્લો. ૧)ની વૃત્તિ નામે **સ્યાદ્વાદમંજરી**(પૃ ૪)માં તેમ કર્યું છે.

**સંખ્યા**—મૂલાતિશય ચાર છે.

**નામ અને ક્રમ**–**અનેકાન્તજયપતાકા**ની સ્વોપજ્ઞ વ્યાખ્યા(ખંડ ૧, પૃ. ૪)માં ચાર મૂલાતિશયનાં નામ નીચે મુજબના ક્રમે દર્શાવાયા છેઃ–

(૧) અપાયાપગમાતિશય, (૨) જ્ઞાનાતિશય, (૩) પૂજાતિશય અને (૪) વચનાતિશય.

આ ક્રમ તો કર્તાએ આદ્ય પદ્યમાં 'શ્રમણ ભગવાન' મહાવીરસ્વામી માટે વાપરેલા ચાર વિશેષણોના ક્રમ અનુસાર છે. અન્યત્ર અન્ય ક્રમ પણ જોવાય છે. દા. ત. **ભક્તામરસ્તોત્ર** ઉપર વિ. સં. ૧૪૨૬માં ગુણાકરસૂરિએ રચેલી અભિનવવૃત્તિના આદ્ય પદ્યમાં પૂજાતિશય, જ્ઞાનાતિશય, વચોતિશય અને અપાયાપગમાતિશયનો ઉલ્લેખ છે

**અપાયાપગમાતિશય**–'અપાય' એટલે ઉપદ્રવ, સંકટ કિંવા અનિષ્ટ; અને 'અપગમ' એટલે વિનાશ. અપાય બે પ્રકારના છેઃ સ્વાશ્રયી અને પરાશ્રયી. સ્વાશ્રયી પોતાને આશ્રીને છે અને પરાશ્રયી પારકાને આશ્રીને છે. સ્વાશ્રયી અપાયના દ્રવ્યથી અને ભાવથી

---

કૃત્યો અનાયાસે થઈ જાય છે. જ્યારે પ્રક્ષોભ શમી જાય છે ત્યારે એ જ માનવ ઠંડો હિમ જેવો બની સાચો નાગરિક અને સમજુ માણસ બની જાય છે. હવે આપણે એથી વિરુદ્ધ વૃત્તિના માનવો કેવા હોય છે એનો વિચાર કરીએ.

સ્વભાવતઃ મનુષ્યને શાંતિ જોઈએ છે, પણ એ પોતાના સ્વભાવને ભૂલી અનેક વાર વિકારવશ થઈ જાય છે. અને પોતે જ સામું અશાંતિને નોતરે છે. સંત મહાત્મા યોગીજનોની પદ્ધતિ જુદી જ હોય છે. એમણે પોતાના મનને એવી રીતે કેળવી તૈયાર કરેલું હોય છે કે તે કોઈ પણ વિકારને વશ ન જ થાય. સુખાનુભવનો પ્રસંગ આવતા તેઓને આનંદની સંવેદના થતી નથી. તેમ દુઃખ ભોગવવાના પ્રસંગે તેઓને દુઃખની વેદના થતી નથી. તેઓ ગમે તેવા કપરા પ્રસંગે પણ પોતાનું સમતોલપણું ગુમાવતા નથી. ભક્તની પૂજાથી તેઓ રંજિત થતા નથી તેમ અભક્તની તર્જનાથી તેમને ક્ષોભ થતો નથી. તેઓ આત્મસુલભ એવી શાંતિને મક્કમપણે જાળવી રાખે છે. ક્ષણજીવી સંક્ષોભ એમની આગળ નિસ્તેજ થઇ જાય છે. જેમ મેરુ પર્વત અનંત સંક્ષોભોના કારણો ઉત્પન્ન થવા છતાં નિષ્કંપપણે સ્થિર રહે છે. જરાએ ચલાયમાન થતો નથી. તેમજ એવા સંતમહાત્માઓ દરેક પ્રસંગે શાંતિ અને સમતાનો જ અનુભવ કરે છે. કમઠે અત્યંત મોટી પીડા આપી ઉપસર્ગ કર્યો અને ધરણેંદ્રે નમ્રભાવે પૂજાદિ કરી પીડા ટાળી એ બંને ઉપર પ્રભુ પાર્શ્વનાથે સમતાવૃત્તિ જ રાખી. એવી સ્થિતિ સંતોની હોય છે. એ વૃત્તિ બધાઓને સાંપડે એ જ અભ્યર્થના!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ બે ભેદ પડે છે. દ્રવ્યથી સ્વાશ્રયી અપાય એટલે રોગો અને ભાવથી સ્વાશ્રયી અપાય એટલે અંતરાયાદિ અઢાર દોષો. તીર્થંકરને, એઓ સર્વજ્ઞ દશા પ્રાપ્ત કરે ત્યારબાદ પ્રાયઃ રોગ થાય નહિ તેમજ એમનામાં અંતરંગ દોષોનો અભાવ સર્વથા હોય. આ અપેક્ષાએ એમનામાં બંને પ્રકારના અપાયના અપગમની ઉત્કૃષ્ટતા છે. એથી એમને સ્વાશ્રયી અપાયાપગમાતિશયવિભૂષિત કહેવામાં આવે છે. આ જ અતિશયને લઇને પવનની અને સર્વ ઋતુઓની અનુકૂળતા રહે એમ ભાસે છે. માર્ગમાં કાંટાઓની અધોમુખતા પણ શું આ જ અતિશયને આભારી ગણાય કે પૂજાતિશયને એ વિચારવું ઘટે.

પરાશ્રયી અપાયાપગમાતિશયને લઇને અન્યજનોના ઉપદ્રવો નાશ પામે છે. જેમકે આસપાસના વિસ્તારમાંના જ્વરાદિ રોગોનો નાશ, પરસ્પરના વેરભાવની શાન્તિ, ખેતરના પાકનો નાશ કરનારા તીડ વગેરેનો–ઇતિઓનો અભાવ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને દુકાળનો અભાવ તેમજ સ્વચક્રના અને પરચક્રના ભયનો અસંભવ.

**જ્ઞાનાતિશય**—આનો અર્થ જ્ઞાનની ઉત્કૃષ્ટતા છે. એટલે કે 'સર્વજ્ઞતા' છે.

**પૂજાતિશય**—તીર્થંકરની ભક્તિ નિમિત્તે દેવો જે કાર્યો પ્રતિહાર તરીકે કે અન્યાન્ય પ્રકારે કરે છે તે આ અતિશયને આભારી છે. આવાં કાર્યો નીચે મુજબ છે:–

અશોક વૃક્ષની રચના કરવી, પુષ્પોની વૃષ્ટિ કરવી, તીર્થંકરના અવાજને વીણાદિ વગાડી એ વધારવો, ચામરો વીંઝવા, પાદપીઠ સહિત સિંહાસન અને ભામંડલ માટે પ્રબંધ કરવો, દુન્દુભિ વગાડવી, છત્રો ધારણ કરવા, ધર્મચક્ર, ધ્વજ અને સુવર્ણકમળની રચના કરવી, ત્રણ ગઢ રચવા, ગંધોદકની વૃષ્ટિ કરવી, તીર્થંકરનાં કેશ, દાઢી મૂછ અને નખોને અવસ્થિત રાખવાં. અનેક દેવોએ તહેનાતમાં રહેવું ઇત્યાદિ.

**વચનાતિશય**—વચનાતિશયો અનંત છે. એટલે એ બધાનાં નામ ન મળે. આથી વાણીના ૩૫ ગુણોને એના પાત્રીસ પ્રકારો તરીકે ઓળખાવાય છે. એનાં નામ **સમવાય**(સુત્ત ૩૬)માં દર્શાવાયા નથી, જો કે એમાં નીચે મુજબ ઉલ્લેખ છે:—

"पणतीसं सच्चवयणाइसेसा पण्णत्ता"

આની વૃત્તિ (પત્ર ૫૯ અ)માં **અભયદેવસૂરિએ** કહ્યું છે કે સત્ય વચનના અતિશયો આગમમાં જોવામાં આવ્યા નથી. પરંતુ ગ્રન્થાન્તરમાં વચન નીચે મુજબ હોવાનું જોવાય છે:—

૧ સંસ્કારવાળું, ૨ ઉદાત્ત, ૩ ઉપચારથી યુક્ત (અગ્રામ્ય), ૪ ગંભીર શબ્દવાળું, ૫ પડઘો પડે તેવું, ૬ સરળ, ૭ (માલકોશ વગેરે ગ્રામ) રાગથી યુક્ત, ૮ મોટા અર્થવાળું, ૯ પૂર્વાપરનો સંબંધ હણાય નહિ એવું, ૧૦ શિષ્ટ, ૧૧ સંદેહથી રહિત, ૧૨ અન્યના ઉત્તરને હણનારું (અન્યના દૂષણને નહિ જણાવનારું) ૧૩ હૃદયંગમ, ૧૪ દેશ અને કાળને અનુસરતું ૧૫ તત્ત્વને (સ્વરૂપને) અનુરુપ, ૧૬ સારા સંબંધવાળા વચનના વિસ્તારવાળું (અસંબંધ અને અતિવિસ્તારીપણાના વિસ્તારથી મુક્ત) ૧૭ પરસ્પર સંબંધવાળું, ૧૮ અભિજાત, ૧૯ અતિશય સ્નિગ્ધ અને મધુર, ૨૦ બીજાના મર્મને નહિ વીંધનારું, ૨૧ અર્થ અને ધર્મના અભ્યાસથી યુક્ત, ૨૨ ઉદાર, ૨૩ પરની નિન્દાથી અને પોતાના ઉત્કર્ષથી રહિત, ૨૪ પ્રશંસાને પામેલું, ૨૫ કારક, કાળ, વચન, લિંગ વગેરેના વ્યત્યયના દોષથી રહિત, ૨૬ અવિચ્છિન્ન કુતુહલને ઉત્પન્ન કરનારું, ૨૭ અદ્‌ભુત, ૨૮ અત્યંત વિલંબથી રહિત, ૨૯ વિભ્રમ, વિક્ષેપ અને ક્રોધાદિ ભાવથી રહિત, ૩૦ અનેક જાતિના આશ્રયથી વિચિત્ર, ૩૧ વિશેષતાને પ્રાપ્ત કરે તેવું, ૩૨ આકારને પ્રાપ્ત કરે તેવું, ૩૩ સત્ત્વને ગ્રહણ કરનારું, ૩૪ ખેદથી રહિત અને ૩૫ વિચ્છેદ વિનાનું.

આ પૈકી પહેલા સાત અતિશયો શબ્દની અપેક્ષાએ છે, જ્યારે બાકીના અઠ્ઠાવીશ અર્થની અપેક્ષાએ છે એમ કોંસગત વૃત્તિમાં દર્શાવાયું છે. વિશેષમાં ઉપર્યુક્ત ૩૫ અતિશયો પૈકી ઘણાંખરાનું સ્પષ્ટીકરણ અપાયું છે.

**જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧ પૃ. ૨૬૭–૨૬૮) માં જિનવાણીના ૩૫ ગુણો ગણાવતી સોળ પદ્યની જ. મ.માં રચાયેલી એક કૃતિ છપાયેલી છે. એ ધર્મઘોષસૂરિની રચના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# रत्नमंडनगणिकृत सारस्वतोल्लास काव्य

(ले. अगरचन्द नाहटा)

जैन धर्म प्रकाश पुस्तक ७५, अंक १०-११ में श्री हीरालाल रसिकदास कापड़िया का लेख 'मुग्धमेधाकरालंकार' संबंधी छपा है। उसमें उन्होंने उसके कर्ता रत्नमंडन गणि के अन्य रचनाओं का भी परिचय दिया है पर उनके अतिरिक्त एक और भी लघु काव्य बीकानेरकी राजकीय अनूप संस्कृत लायब्रेरी में उपलब्ध है, जिसकी नकल मैंने कई वर्ष पूर्व कराई थी। इस १५३ श्लोकोंवाले काव्य की नाम, अंतमें 'सारस्वतोल्लास काव्य' मिलता है। यथा स्मरण यह प्रति १६ वीं १७ वीं शताब्दी की लिखी हुई है। पत्र संख्या ६ है। अनूप संस्कृत लायब्रेरी की सूची में इस काव्य के कर्ता का नाम नंदीरत्न छपा है पर वास्तव में १५२ और १५३ श्लोक से उसकी रचना नंदीरत्न गुरु की कृपा से 'मणिमंडन' याने रत्नमंडन ने ही की है। १५२ वें श्लोक में इसका नाम 'सारस्वतोल्लास' ग्रंथकारने स्वयं दिया है। जिनरत्न कोष के पृष्ठ ४३५ में 'सारस्वतोद्धारस्तोत्र' नंदीरत्न शिष्यरचित का उल्लेख जैन ग्रंथावली के पृष्ठ २८४ और पीटरसन की तीसरी रिपोर्ट के आधार से किया है। तदनुसार इसकी प्रति शांतिनाथ भंडार, खम्भात में हैं। मेरा अनुमान है कि सारस्वतोद्धार स्तोत्र और सारस्वतोल्लास काव्य दोनों एक ही रचना है। इसका निर्णय तो उस प्रति के पाठ को मिलाने पर ही हो सकेगा। इस लिए मेरे पास सारस्वतोल्लास काव्य की नकल है उस के प्रारम्भ और अंत के कुछ श्लोक नीचे दिये जा रहे हैं। वास्तव में यह छोटासा काव्य है अतः दोनों प्रतियों से संशोधित करके इसे शीघ्र ही प्रकाश में लाना चाहिये। इस तरह के छोटे छोटे, पर महत्व के अनेक जैन काव्य जो अप्रकाशित है उनका संग्रह निर्णयसागर प्रेस से प्रकाशित 'काव्यमाला' के गुच्छकों की भांति किया जाना बहुत ही जरूरी है। अन्यथा उपेक्षावश वे योंही नष्ट हो जायेंगे, क्योंकि बहुतसे ऐसे काव्यों की तो केवल एक एक प्रति ही अब उपलब्ध है। ऐसे अति दुर्लभ जैन लघु काव्यों का कुछ परिचय शीघ्र ही मैं प्रकाशित करूंगा।

—सारस्वतोल्लास की आदि और अंत

आदि :—

कश्चिज्जनो लज्जितहृज्जाडिम्ना
श्रुश्रपित श्रीगुरुपारिजातः।
सारस्वतं सारमवाप्य मंत्रं नक्तं
दिवा जायत जंजपूकः ॥ १ ॥
पद्मासनं पूरयति स्म जपं कुर्वन्न
पापं यदा सौ स शौचः।
मेनेखिलरे सवलितप्रसर्प
जाड्यारिवधाय स नागपाशः ॥ २ ॥

अंत :—

श्रीनंदिरत्नाख्यगुरुप्रसाद-
प्रासादवासाप्र सुखः सवेदं।
सारस्वतोल्लास इति प्रतीतं स्फीतं
गुणैरातनुते स्म काव्यं ॥ १५२ ॥
संतु स्तनं चाय धियोध्ययनाय वद्ध में
तन्मुखाब्जमणिमंडनतानयंतः।
श्रीभारतीतिथिमिथाक्षमंत्रबीज-
प्रष्ठप्रासादमधिगम्य कविप्रकांडाः ॥ १५३ ॥
इति सारस्वतोल्लासकाव्यं ॥६॥ श्री ॥६॥
शुभं भवतु ॥ ६ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક—સાર્થ

:( ૨૬ ):

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦ (૧૫૨)—દેશથી બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનાર શ્રાવક બે પ્રકારે હોય છેઃ સ્વદારસંતોષી અને પરદારવર્જક, તેમને ઇત્વર પરિગ્રહગમનાદિ પાંચ અતિચારો કહ્યા છે. તે બંનેને સરખા હોય કે ન્યૂનાધિક એટલે ઓછાવત્તા ?

ઉ૦—પ્રવચનસારોદ્ધારની ટીકામાં આ વિષયને માટે ત્રણ અભિપ્રાય આવેલા છે, તે કહીએ છીએ—કોઇ માણસે ભાડું આપી થોડા કાલ માટે સ્વીકારેલી વેશ્યાને પોતાની સ્ત્રી માનીને સેવન કરતાં પોતાની બુદ્ધિની કલ્પનાવડે તે પોતાની સ્ત્રી હોવાથી સેવનારનું મન વ્રતની અપેક્ષાવાળું છે અને થોડા કાલને માટે રાખેલ હોવાથી બાહ્યદષ્ટિએ વ્રતનો ભંગ થતો નથી, પણ વસ્તુતઃ પરમાર્થથી પરસ્ત્રી હોવાથી વ્રતનો ભંગ થાય છે માટે ભંગ અને અભંગરૂપ આ પહેલો અતિચાર જાણવો, તથા अपरिगृहीता કોઇથી નહિ ગ્રહણ કરાએલી, અન્ય સંબંધી ભાડું આપીને રાખેલી, વેશ્યા-પ્રોષિતભર્તૃકા જેનો પતિ પરદેશ ગએલ હોય તે, સ્વૈરિણી-ઇચ્છાનુસાર ફરનારી, કુલાંગના, અનાથા એવી સ્ત્રીયોને સેવતા બીજો અતિચાર જાણવો. આ અનુપયોગથી કે અતિક્રમાદિને લઇને અતિચાર છે, અતિક્રમાદિનો અર્થ ઉપર આવી ગએલ છે, તે અર્થ અહીં મૈથુનને આશ્રયી જોડવો. અત્રે આ પરમાર્થ છે-યાવત્ પોતાના શરીરની સાથે તેના શરીરનો સ્પર્શ કરે ત્યાં સુધી અતિચાર છે "तदवाच्यप्रदेशे स्वाऽवाच्यप्रक्षेपे तु अनाचारः" સ્ત્રીના અવાચ્ય પ્રદેશને વિષે પોતાનો અવાચ્ય પ્રદેશ નાખે તો અનાચાર થાય, આ બે અતિચારો સ્વદારસંતોષીને જાણવા, પરસ્ત્રીના ત્યાગવાળાને નહિ, થોડા કાલ માટે ભાડું આપીને રાખેલી સ્ત્રી વેશ્યા હોવાથી અને અપરિગૃહીતા અનાથ હોવાથી પરસ્ત્રીપણાનો એમાં અભાવ છે, બાકીના ત્રણ અતિચારો તો બંનેને લાગે છે. આ પ્રમાણે હરિભદ્રસૂરિનો મત છે અને એ જ સૂત્રાનુસારી છે. કહ્યું છે કે सदारसंतोसस्स इमे पंच अइयारा जाणियव्वा न समायरियव्वा ॥ १ ॥ **ભાવાર્થ**—સ્વદારસંતોષીએ આ પાંચ અતિચારો જાણવા પણ આચરવા નહિ. બીજાઓ તો એમ કહે છે કે इत्वरपरिगृहीता આ અતિચાર સ્વદારસંતોષીને હોય છે, પૂર્વની માફક अपरिगृहीतानुं સેવન આ અતિચાર પરસ્ત્રીના ત્યાગવાળાને હોય છે કેમકે અપરિગૃહીતા એટલે વેશ્યા, તેણે બીજા માણસનું ભાડું લીધેલ હોય અને તેની સાથે ગમન કરે તો પરદારગમનનો દોષ સંભવે કથંચિત્ તેનું પરસ્ત્રીપણું છે એટલે વ્રતનો ભંગ અને વેશ્યા હોવાથી વ્રતનો અભંગપણું તેથી ભંગાભંગરૂપ અતિચાર લાગે એ બીજો અતિચાર. બીજાઓ ફરી આ પ્રમાણે કહે છે—આ ત્રીજો મત परदारवज्जिणो पंच हुंति तिन्निउ सदारसंतुट्ठे ॥ इत्थीइ तिन्नि पंच व भंगविगप्पेहिं अइयारा ॥ १ ॥ **ભાવાર્થ** બીજા માણસે થોડા કાલને માટે જે વેશ્યાને ભાડું આપીને રાખેલી હોય તેની સાથે ગમન કરતા પરસ્ત્રીના ત્યાગવાળાને વ્રતભંગ થાય કારણ કે કથંચિત્ તેણીનું પરસ્ત્રીપણું છે અને લોકમાં તે પરસ્ત્રી તરીકે રૂઢ નથી માટે વ્રતનો ભંગ ન થાય. એ પ્રમાણે ભંગાભંગરૂપ અતિચાર લાગે, તથા અપરિગૃહીતા જે અનાથ કે કુલાંગના તેની સાથે ગમન કરવું તે પરસ્ત્રીના ત્યાગવાળાને અતિચાર લાગે, તેની કલ્પનાવડેનો બીજા ભરતારનો અભાવ હોવાથી તે પરસ્ત્રી નથી માટે વ્રતનો અભંગ છે અને લોકમાં તો પરસ્ત્રી તરીકે રૂઢ છે તેથી વ્રતભંગ થાય છે માટે ભંગાભંગરૂપ અતિચાર જાણવો. બાકીના ત્રણ અતિચારો તો બંનેને હોય છે, સ્ત્રીઓને તો સ્વપુરુષસંતોષ અને પરપુરુષના ત્યાગમાં ભેદ હોતો નથી, પોતાના પુરુષ સિવાય બધા પરપુરુષ જ છે, પરવિવાહ



For Private And Personal Use Only

આદિ ત્રણ અતિચારો સ્વદારસંતોષીની માફક સ્ત્રીઓને સ્વપુરુષવિષયક હોય છે અથવા પાંચ અતિચારો હોય છે, **શંકા**-શી રીતે હોય છે? **સમાધાન**-આદિના બે અતિચારો તો જ્યારે પોતાના પતિના વારાના દિવસે શોકયે વારો લીધો હોય ત્યારે શોકયના વારાનો લોપ કરીને પતિને સેવતા તે સ્ત્રીને પહેલો અતિચાર લાગે, સ્ત્રી પોતાના પતિને છોડીને અતિક્રમાદિકવડે બીજા પુરુષની પાસે જાય ત્યારે અથવા બ્રહ્મચારિણી અતિક્રમાદિકવડે પોતાના પતિની પાસે જાય ત્યારે બીજો અતિચાર લાગે, બાકીના ત્રણ અતિચારો તો સ્ત્રીઓને પણ પૂર્વની માફક લાગે છે તથા તીવ્રકામાભિલાષ: એટલે કામ-ભોગોને વિષે અસંતોષ તે ત્રીજો અતિચાર છે, તથા અનંગ એટલે કામ તે સ્ત્રી-પુરુષ-નપુંસકને સેવવાની ઇચ્છા અથવા હસ્તકર્માદિની ઇચ્છા તે કામ, તે વડે અથવા તેને વિષે ક્રીડા એટલે રમવું તે કામક્રીડા, પ્રબલરાગની ઉત્પત્તિના કારણભૂત દંત નખની કદર્થનાદિ પ્રકારે ક્રીડા કરવી, અથવા અંગ એટલે શરીરનો અવયવ મૈથુનની અપેક્ષાએ યોનિ વા પુરુષચિહ્ન તેનાથી ભિન્ન જે અંગો સ્તન-કક્ષા-સાથલ-મુખ આદિ તેને વિષે ક્રીડા તે અનંગક્રીડા, અહીં શ્રાવક અત્યંત પાપભીરુ હોવાથી બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છાવાળો હોવા છતાં જ્યારે વેદના ઉદયની અસહિષ્ણુતાને લીધે બ્રહ્મચર્ય ન પાળી શકે ત્યારે વેદની શાંતિને માટે સ્વદારસંતોષાદિ વ્રત ગ્રહણ કરે છે, મૈથુન માત્રથી વેદની શાંતિ સંભવે છે તે તીવ્ર કામાભિલાષ અને અનંગક્રીડા અર્થથી નિષેધેલ છે કારણ કે તે સેવવામાં કોઇ જાતનો ગુણ નથી, ઉલટા ક્ષયરોગ વિગેરે દોષો ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે નિષેધનું આચરણ કરવાથી ભંગ અને પોતાના નિયમને બાધ ન આવવાથી અભંગ આ પ્રમાણે ભંગાભંગરૂપ અતિચાર જાણવો. તીવ્ર-કામાભિલાષ અને અનંગ ક્રીડારૂપ આ બે અતિચારોને બીજા આચાર્યો જુદી રીતે વિચારે છે, તે સ્વદાર-સંતોષી શ્રાવક વિચાર કરે છે કે મેં તો મૈથુનના જ પચ્ચખાણ કર્યાં છે. એ પ્રમાણે પોતાની કલ્પનાવડે વેશ્યાદિકને વિષે મૈથુનનો ત્યાગ કરે છે પણ આલિંગન આદિનો ત્યાગ કરતો નથી, પરદારવર્જક પણ પરસ્ત્રી વિષે મૈથુનનો ત્યાગ કરે છે પણ આલિંગન આદિનો નહિ, કથંચિત્ વ્રતનું સાપેક્ષપણું હોવાથી એ અતિચાર ગણાય. 'अपरेषां अन्येषां' પોતપોતાના પુત્રાદિકથી ભિન્ન બીજાઓના પુત્ર પુત્રી આદિનો વિવાહ કરવો, કન્યારૂપ ફલની ઇચ્છાથી અથવા સ્નેહસંબંધવડે પરણાવવું, આ કાર્ય સ્વદારસંતોષીએ સ્વસ્ત્રી અને પરદારવર્જકે સ્વસ્ત્રી અને વેશ્યા સિવાય બીજી સ્ત્રીને વિષે મન-વચન-કાયાવડે મૈથુન કરવું નહીં અને કરાવવું નહીં. આ પ્રમાણે જ્યારે વ્રત ગ્રહણ કર્યું હોય ત્યારે પરવિવાહ કરવો એ મૈથુનનું કારણ છે એટલે અર્થથી નિષેધ જ થાય છે. મૈથુન વ્રતકારી એમ માને કે હું તો આ વિવાહ જ કરું છું, મૈથુન કરાવતો નથી, આ પ્રમાણે વ્રતનું સાપેક્ષપણું હોવાથી તે પરવિવાહકરણ અતિચારરૂપ છે, કન્યારૂપ ફલની ઇચ્છા તો સમ્યગ્દૃષ્ટિને અવ્યુત્પન્નની અવસ્થામાં સંભવે છે. મિથ્યાદૃષ્ટિને ભદ્રક અવસ્થામાં હોય છે. ઉપકારને માટે વ્રતદાનમાં તે સંભવે છે. **શંકા**-પર-વિવાહની માફક પોતાના પુત્ર પુત્રીના વિવાહમાં પણ આ દોષ તો સમાન જ છે. **સમાધાન**-આ સત્ય છે પરંતુ જો પોતાની કન્યા આદિનો વિવાહ ન કરવામાં આવે તો તે સ્વચ્છંદચારી થઇ જાય તેથી શાસનનો ઉપઘાત થાય અને વિવાહ કરવાથી તો તે પતિના કાબૂમાં રહેવાથી સ્વચ્છંદી ન થાય, જે યાદવશિરો-મણિ કૃષ્ણ અને ચેટક મહારાજાને પોતાના પુત્ર પુત્રીને વિષે પણ વિવાહનો નિયમ સંભળાય છે તે બીજા ચિંતા કરનારના સદ્ભાવે જાણવું, એ પ્રમાણે યોગશાસ્ત્રની ટીકામાં પણ જાણવું ॥ ૧૧૨ ॥ (ચાલુ)

સામાયિકમાં
વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિનદર્શનની તૃષા

લેખક : ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા M. B. B. S.

આમ 'સામાન્યગ્રાહિ તે દર્શન' અથવા 'તત્ત્વાર્થ-શ્રદ્ધાન તે દર્શન' એ અર્થમાં દર્શનના દુર્લભપણાનું વિભાવન કરી, યોગીશ્વર આનંદઘનજી હેતુવાદરૂપ દાર્શનિક ચર્ચાથી કે આગમવાદથી તત્ત્વદર્શનમય જિનદર્શનનું દુર્લભપણું ચિંતવે છે—

હેતુ:વિવાદે જો ચિત્ત ધરી જોઈએ,
અતિ દુરગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમ કો નહિ,
એ સબલો વિખવાદ....
અભિનંદન જિન દરિશન તરસિયે....૩

**અર્થ**:-હવે જો હેતુવિવાદ પ્રત્યે ચિત્ત ધરી જોઈએ છીએ તો નયવાદ અતિ દુર્ગમ છે અને આગમવાદમાં કોઈ ગુરુગમ નથી, એ સબલો વિખવાદ છે.

## વિવેચન-

હવે હે ભગવાન્! કદાચ દાર્શનિક ચર્ચામાંથી આ તમારા દુર્લભ દર્શનની પ્રાપ્તિ થશે એમ ધારી હેતુવિવાદ-યુક્તિવાદ-ન્યાયપદ્ધતિની દર્શનચર્ચા પ્રત્યે ચિત્ત ધરીને જોઈએ છીએ, આત્મ ઉપયોગ ધરી દૃષ્ટિ કરીએ છીએ તો નયવાદ દુર્ગમ-ગમન કરવો દુષ્કર છે; અને આગમવાદ પ્રત્યે દૃષ્ટિ કરીએ છીએ તો આગમવાદમાં કોઈ તથારૂપ ગુરુગમ નથી જણાતો. એ સબલો-બલવાન્ વિખવાદ-વિષવાદ છે. એટલે આ અનુમાન ને આગમરૂપ સાધનો દ્વારા પણ હે જિનદેવ! તમારા દર્શનની દુર્લભતા થઈ પડી છે, એટલે એ દ્વારા પણ અમારી દર્શનની તૃષા છીપતી નથી, અને અમે તો તમારા દર્શનની તૃષા રાખીએ છીએ અને પોકારતા રહીએ છીએ કે-'**અભિનંદન જિન દરિશન તરસિએ.**'

## હેતુવાદની-ન્યાયચર્ચાની સામાન્ય પદ્ધતિ

તત્ત્વનો નિર્ણય કરવા માટે જુદા જુદા દર્શનવાદીઓ હેતુવાદનો-યુક્તિવાદનો-ન્યાયપદ્ધતિની દાર્શનિક ચર્ચાનો આશ્રય કરે છે. તેનો સામાન્યપણે વિચાર કરતાં જણાય છે કે ન્યાય-વેત્તાઓ પ્રથમ તો (अ) સાધ્ય* નક્કી કરે છે, પોતપોતાના મતને અભિપ્રેત સાધ્યના સ્વીકારરૂપ અમુક પક્ષ સ્થાપે છે અને તે પ્રત્યક્ષ આદિથી અબાધિત એવો હોય છે. તે હેતુનો વિષય પ્રકાશે છે, માટે તેનો પ્રયોગ કરવો જોઈએ, નહીં તો લક્ષ્ય વિનાના બાણ જેવી (Aimless) સ્થિતિ થઈ પડે, એમ તેઓ જાણે છે. (ब) આમ સાધ્ય નિશ્ચિત કરી તેઓ તેનો હેતુ વિચારે છે. સાધ્યનો અવિનાભાવી, એટલે સાધ્યને સાધ્યા વિના ન રહે-અવશ્ય સાધે જ, તે હેતુ કહેવાય છે. સાધ્ય અને હેતુનો સંબંધ અવિનાભાવી એટલે કે એકબીજા વિના ન ચાલે એવો છે. तथोपपत्त्या अन्यथानुपपत्त्या-તથાપ્રકારે ઉપપત્તિથી અને અન્યથા પ્રકારે અનુપપત્તિથી, એમ બે પ્રકારે હેતુના પ્રયોગવડે સાધ્યની સિદ્ધિ થાય છે. આમ અન્યથા અનુપપન્નપણું એટલે કે આ જ પ્રકારે, બીજા પ્રકારે ન ઘટે, એ હેતુનું લક્ષણ છે. તેની અપ્રતીતિ, સંદેહ કે વિપર્યાસ હોય, તો હેત્વાભાસ કહેવાય છે; તે હેત્વાભાસને આ વિચક્ષણ પુરુષો પ્રયત્નથી વર્જે છે (क) આમ હેતુ સાધ્યની સિદ્ધિ કરી, તેઓ તેની સાધર્મ્ય-વૈધર્મ્ય દૃષ્ટાંતથી પુષ્ટિ કરે છે. આમ આ વિચક્ષણ જનો અનુમાન× પ્રમાણથી હેતુવડે સાધ્યની

---

*"साध्याविनाभुवो हेतोर्वचो यत् प्रतिपादकम् ।
परार्थमनुमानं तत् पक्षादिवचनात्मकम् ॥
अन्यथानुपपन्नत्वं हेतोर्लक्षणमीरितम् ।
तदप्रतीतिसन्देहविपर्यासैस्तदाभता ॥"
-શ્રી સિદ્ધસેન દિવાકરજીકૃત શ્રી ન્યાયાવતાર

×'साध्याविनाभुवो लिङ्गात् साध्यनिश्चायकं स्मृतम् ।
अनुमानं तदभ्रांतं प्रमाणत्वात् समक्षवत् ॥"
—ન્યાયાવતાર



For Private And Personal Use Only

સિદ્ધિ કરીને દૃષ્ટાંતથી તેની પુષ્ટિ કરી, તત્ત્વનું અસ્તિત્વ સ્થાપે છે. આમ હેતુવાદની–ન્યાયચર્ચાની સામાન્ય પદ્ધતિ છે.

તેમાં કોઈ વાદી વસ્તુના એક દેશને–અંશને પકડીને–ગ્રહણ કરીને કોઈ એક અપેક્ષાએ કોઈ પક્ષ સ્થાપે છે, નયવાદ કરે છે તો તેની સામે તેથી ઉલટા જ વસ્તુ દેશને–અંશને પકડીને કોઈ બીજો અન્ય અપેક્ષાએ કોઈ પ્રતિપક્ષ સ્થાપે છે–પ્રતિનયવાદ કરે છે. દા. ત. કોઈ વસ્તુ નિત્ય જ છે એમ વદે છે, તો બીજો વળી અનિત્ય જ છે એમ વદે છે; કોઈ એક–અદ્વૈત જ છે એમ વદે છે, તો બીજો વળી દ્વૈત જ છે એમ વદે છે; કોઈ ભેદ જ છે એમ વદે છે, તો બીજો અભેદ જ છે એમ વદે છે; કોઈ સત્ જ છે એમ વદે છે, તો બીજો અસત્ જ છે એમ વદે છે; ઇત્યાદિ પ્રકારે સામસામા પક્ષ યુક્તિથી સ્થાપના કરતો હેતુવાદ–પરસ્પર વિરુદ્ધ–વિપરીત-વાદનું રૂપ પકડી 'હેતુવિવાદ' બને છે, ને એમ હેતુ-વિવાદ ચાલ્યા જ કરે છે. બુદ્ધિધન શ્રીભર્તૃહરિએ× કહ્યું છે તેમ "કુશલ અનુમાતૃઓથી યત્નથી અનુ-માનવામાં આવેલો અર્થ પણ વધારે યુક્તિયુક્ત એવા બીજાઓથી બીજી જ રીતે ઉપપાદન કરાય છે–સાબિત કરાય છે."

## યુક્તિથી મંડન: યુક્તિથી ખંડન: તથોપપત્તિ અને અન્યથોપપત્તિ

અન્વય–વ્યતિરેક વગેરે ન્યાય–પદ્ધતિમાં પારંગત એવા નિપુણ યુક્તિવાદીઓ અન્વય–વ્યતિરેક આદિ અનુસારે તત્ત્વપરીક્ષા કરે છે; તેમાં **અન્વય** એટલે આ આમ હોય તો આ આમ હોય એવી વિધાનરૂપ હકારાત્મક ઉક્તિ (Positive assertion), અને વ્યતિરેક એટલે આ આમ ન હોય તો આ આમ ન હોય એવી નિષેધરૂપ નકારાત્મક ઉક્તિ–આ અન્વય-વ્યતિરેક પ્રમાણે કોઈ કુશલ યુક્તિવાદીઓ પ્રયત્નપૂર્વક અનુમાનથી–યુક્તિથી અમુક અર્થ સ્થાપિત કરે અને કહે કે જુઓ! આ અર્થ આ હેતુથી આ રીતે જ ઘટે છે, આમ એની **તથોપપત્તિ** છે: આ અર્થ આથી અન્ય રીતે ઘટતો નથી–આમ એની **અન્યથાનુપપત્તિ** છે, તો ત્યાં તેનાથી ચઢીયાતા એવા બીજા પ્રખર તાર્કિકો–યુક્તિવાદીઓ વળી એ જ અન્વય–વ્યતિરેક આદિનો આશ્રય કરી, તે જ અર્થને અન્યથા પ્રકારે ઉપપાદિત કરે છે, સાબિત કરી બતાવે છે અને કહે છે કે જુઓ! તમે કહો છો તે પ્રકારે આ અર્થ ઘટતો નથી–એની **અતથોપ-પત્તિ** છે; અને આ અમે કહીએ છીએ તે બીજા પ્રકારે જ એ ઘટમાન થાય છે–એની **અન્યથોપપત્તિ** છે. આમ એક જ અર્થને અમુક વાદી સ્થાપે છે, તો બીજો ઉત્થાપે છે! એક જ અર્થને સમર્થ તાર્કિકો પોતપોતાના મતિબલથી જૂદા જૂદા પ્રકારે પૂરવાર કરી આપે છે!

## તર્કવાદ બુદ્ધિનો અખાડો

આમ આ તર્કવાદ તો બુદ્ધિનો અખાડો છે! અખાડામાં જેમ શરીરનો વ્યાયામ થાય છે, કસરત કરાય છે, અટાપટા ખેલાય છે, દાવપેચ રમાય છે; તેમ આ યુક્તિવાદરૂપ વ્યાયામશાળામાં બુદ્ધિને વ્યાયામ થાય છે, યુક્તિની કસરત કરાય છે, તર્કના અટાપટા ખેલાય છે, છલ–જાતિના દાવપેચ રમાય છે! 'साक्षरा विपरीता राक्षसा भवन्ति!' અખાડામાં (Gymnasium) જેમ વધારે બળવાન મલ્લ અલ્પ બળવાળા પ્રતિમલ્લને મહાત કરે છે; શિકસ્ત આપે છે, તેમ આ યુક્તિવાદની કસરતશાળામાં વધારે પ્રખર બુદ્ધિમાન્ વાદી અલ્પ બુદ્ધિવાળા પ્રતિવાદીને પરા-જિત કરે છે, હાર આપે છે! વળી 'શેરને માથે સવાશેર' એ ન્યાયે વિજેતા મલ્લને પણ જેમ વધારે બળવાન મલ્લ જીતે છે, તેમ વિજયથી મલકાતા ને ફૂલાતા તે વાદીને પણ બીજો અધિક તર્કપટુ પ્રતિ-

×" यत्नेनानुमितोऽप्यर्थः कुशलैरनुमातृभिः ।
अभियुक्ततरैरन्यैरन्यथैवोपपद्यते ॥ "

—શ્રીયોગદૃષ્ટિસમુચ્ચય

( અમે વિવેચનમાં ક્વચિત્ પ્રકૃતોપયોગી કોઈ કોઈ અંશ મારા યોગદૃષ્ટિસમુચ્ચયના વિવેચનમાંથી યથાવત્ અવતારેલ છે. )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાદી હરાવે છે! આમ જેમ કુસ્તીની પરંપરા ચાલ્યા કરે છે, મલ્લયુદ્ધનો છેડો આવતો નથી, તેમ તર્કવાદની પરંપરા ચાલ્યા કરે છે ને બુદ્ધિયુદ્ધનો આરો આવતો નથી! પણ આમ અનંત તર્કવાદ કરતાં પણ કોઈ અભિમત વસ્તુ વસ્તુગતે કહી શકવા સમર્થ થતો નથી! ઉલટું 'પાડે પાડા લડે તેમાં ઝાડનો ખો નીકળી જાય' એ ન્યાયે આ તાર્કિકોની સાઠમારીમાં તત્ત્વવૃક્ષ બાપડું ક્યાંય છૂંદાઇ જાય છે! તત્ત્વવસ્તુ ક્યાંય હાથ લાગતી નથી; હે ભગવન્! આ દર્શનચર્ચામાં તમારા તત્ત્વનું ક્યાંય દર્શન થતું નથી.

"તર્કવિચારે વાદપરંપરા રે,
પાર ન પ્હોંચે કોય;
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે,
તે વિરલા જગ જોય....
પંથડો નિહાળું રે બીજા જિનતણો રે."
—આનંદઘનજી

### હેતુવાદથી તત્ત્વનિશ્ચય ન થાય

હે ભગવાન્! તમારા અનન્ય ભક્ત અને તમારા શાસનના મહાપ્રભાવક **શ્રી હરિભદ્રસૂરિજી** તો કહી ગયા છે કે–"જો *હેતુવાદથી અતીન્દ્રિય પદાર્થો જણાતા હોત તો આટલા કાળે પ્રાજ્ઞોથી તે વિષયમાં નિશ્ચય કરવામાં આવ્યો હોત." જો યુક્તિવાદથી ઇંદ્રિયોને અગમ્ય એવા અતીન્દ્રિય પદાર્થો જાણવામાં આવતા હોત, તો ઘણા લાંબા કાળથી આ મહાબુદ્ધિશાળી પ્રાજ્ઞજનો–મહાતાર્કિકો જે તેવી યુક્તિ લડાવતા આવ્યા છે, તેઓને આટલા બધા કાળે તે અતીન્દ્રિય પદાર્થનો નિશ્ચય થઈ જવો જોઇતો હતો. પણ તેવું તો થયું દેખાતું નથી, હજુ તેનો કાંઈ નીવેડો આવ્યો જણાતો નથી, કારણ કે આ વાદી–પ્રતિવાદીઓ હજુ તેવા ને તેવા જોરશોરથી તેજ વાદવિવાદ ચલાવી રહ્યા છે! હજુ પણ તે બાબતમાં નવા નિશાળીઓની જેમ તેવા ને તેવા કોરા ધાકોડ રહેલા જણાય છે! તેઓની વાદ–કંડુ હજુ તેવી ને તેવી છે! આટલા બધા મહાસમર્થ વાદી મહારથીઓએ આટલો બધો કાળ પ્રખર યુક્તિબલ અજમાવ્યું, પણ તે મહાનુભાવોનો આ મહાપ્રયાસ પાણીમાં ગયો હોય એમ જણાય છે! આ આટલા દર્શનવાદીઓ અનાદિ કાળથી વાદવિવાદ કરી રહ્યા છે પણ તેમ કરતાં કોઈ તત્ત્વનો અંત પામ્યું હોય એમ જણાતું નથી, કારણ કે વાદની સામે પ્રતિવાદ ને **'તર્કવિચારેરે** તેની સામે પાછો પ્રતિવાદ, એમ **વાદપરંપરારે'** અનંત પરંપરા ચાલ્યા જ કરે છે! તેનો આરો આવતો નથી ને કોઈ નીવેડો થતો નથી! કોઈ એક સમર્થ વાદી યુક્તિપૂર્વક પૂર્વપક્ષ કરે છે, તો તેને સામો વાદી ઉત્તર પક્ષ કરી બળવત્તર યુક્તિપ્રમાણોથી ખંડિત કરે છે. તેને વળી કોઈ ત્રીજો વાદી અધિક બળવાન્ તર્કબલથી ખંડે છે. આમ વાદ–પ્રતિવાદનો +ઘાણીના બેલની પેઠે અંત નથી આવતો. આંખે પાટા બાંધેલો ઘાણીનો બેલ ગમે તેટલું અંતર કાપે પણ તે તો હતો ત્યાંનો ત્યાં જ! એટલા જ કુંડાળામાં ગોળ ગોળ ફર્યા કરે, જરાય આગળ વધે નહિ! તેમ મતાંધપણાના પાટા જેણે આંખે બાંધેલા છે, એવા દર્શનવાદીઓ ગમે તેટલું વાદ–વિવાદનું અંતર કાપ્યા કરે, પણ તે તો હતા ત્યાંના ત્યાં જ! એટલા જ વાદચક્રના વર્તુલમાં ઘૂમ્યા કરે, જરાય આગળ વધે નહિ! આમ તર્કવિચારથી વાદપરંપરા ચાલ્યા જ કરે છે, ને એનો પાર કોઇ પામી શકતું નથી. એટલે તર્કવિચારથી, વાદવિવાદથી, દર્શનચર્ચાથી કદી તમારા દર્શનની આશા ફલીભૂત થવી સંભવતી નથી, તમારું દર્શન અતિ દુર્લભ છે.

(ચાલુ)

*"ज्ञायेरन्हेतुवादेन पदार्था यद्यतीन्द्रियाः ।
कालेनैतावता प्राज्ञैः कृतः स्यात्तेषु निश्चयः ॥"
—યોગદષ્ટિસમુચ્ચય શ્લો. ૧૪૬

+"वादांश्च प्रतिवादांश्च वदन्तो निश्चितांस्तथा ।
तत्त्वान्तं नैव गच्छंति तिलपीडकवद्गतौ ॥"
—શ્રીયોગબિંદુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ૧. મસ્તકવિ માસ્તર શામજી હેમચંદનો સ્વર્ગવાસ

આપણા સમાજમાં "રત્નાકર પચ્ચીશી"ના અનુવાદકર્તા તરીકે પ્રસિદ્ધિ પામેલા અને ધાર્મિક શિક્ષક તરીકે સુવિખ્યાત બનેલા શામજી હેમચંદ દેસાઈ સં. ૨૦૧૯ ના પોષ શુદ છઠ્ઠને સોમવારના રોજ સીત્તેર વર્ષની વયે ભાવનગરખાતે તેમના નિવાસસ્થાને સ્વર્ગવાસી થયા છે.

તેઓએ પોતાની યુવાવસ્થાથી તે જીવનના અંતપર્યંત ધાર્મિક શિક્ષક તરીકે સમાજની સેવા અર્પી હતી અને તેમની સુવાસના જેઓ ભાગી બન્યા હતા તેઓ તેમને કદી પણ વિસર્યા નથી. વક્તા તરીકે પણ તેઓની તેવી જ ખ્યાતિ હતી.

છેલ્લા ચાર-પાંચ વર્ષથી શ્રી જૈનધર્મ પ્રસારક સભામાં તેમણે 'અભ્યાસક વર્ગ' શરૂ કર્યો હતો અને દરેક રવિવારે બપોરના બે કલાક આ વર્ગ ચાલતો જેમાં સેંકડો જિજ્ઞાસુ બંધુઓ લાભ લેતા હતા.

તેમના સ્વર્ગવાસ અંગે શોક પ્રદર્શિત કરવા માટે શ્રી ગુલાબચંદ લલ્લુભાઈના પ્રમુખપદે પોષ શુદ ૯ ગુરુવારના રોજ રાત્રિના જાહેર સભા યોજવામાં આવી હતી, જે સમયે શ્રી અમૃતલાલ માસ્તર, શ્રી ભાઈચંદભાઈ વકીલ, શ્રી છોટાલાલ નાનચંદ શાહ, તથા શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહે પ્રાસંગિક પ્રવચનો કરી સ્વર્ગસ્થના આત્માને અંજલી અર્પી હતી. આ પ્રસંગે બોટાદથી આવેલા સ્વર્ગસ્થના ભત્રીજા રસિકલાલ ગિરધરલાલે પણ સ્વરચિત કાવ્ય સંભળાવી સદ્ગતને માનાંજલિ આપી હતી. છેવટે નીચે પ્રમાણે શોક-ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

"સ્વર્ગસ્થ શ્રી શામજી હેમચંદ દેસાઈ ઉચ્ચ પંક્તિના ધાર્મિક શિક્ષક ઉપરાંત શીઘ્ર કવિ હતા. તેઓએ અનેક પ્રકારની કૃતિ રચી છે, જે પૈકી "રત્નાકર પચ્ચીશી" સારા સૌરાષ્ટ્ર ગુજરાતમાં જ નહીં પણ ભારતભરમાં સુવિખ્યાત બની હતી અને તે કૃતિ તેઓશ્રીની સદાય જીવંત કૃતિ રહેશે. ધાર્મિક શિક્ષણ આપવાની, ગમ્મત સાથે જ્ઞાન આપવાની તેઓની અનુપમ શૈલી એ તેમની વિશિષ્ટ લાક્ષણિકતા હતી અને કોઈ પણ વિષય પરત્વે વક્તા તરીકેનું પ્રવચન સ્વર્ગસ્થના વિવિધ વિષયોનું તલસ્પર્શી જ્ઞાન દર્શાવતું હતું.

તડકા-છાંયડા વચ્ચે પણ હંમેશનું હસમુખું વદન અને સૌ કોઈના આપ્તજન જેવા તેમના સ્વભાવને કારણે તેઓશ્રી આબાલવૃદ્ધ જનતાને પ્રિય થઈ પડ્યા હતા. ગત પોષ શુદ છઠ્ઠને સોમવારના રોજ ૭૦ વર્ષની વયે તેઓશ્રીના થયેલ સ્વર્ગવાસ અંગે શ્રી જૈનધર્મ અભ્યાસક મંડળ, શ્રી નવપદ આરાધક મંડળ, શ્રી જૈન ધાર્મિક શિક્ષણ મંડળ તથા શ્રી આદિજિન સ્નાત્ર મંડળ-ચાર સંસ્થાઓના નેતૃત્વ નીચે શ્રી જૈનધર્મ પ્રસારક સભાના હોલમાં એકત્ર થએલ આ શોકસભા ઊંડી સમવેદના વ્યક્ત કરે છે અને સ્વર્ગસ્થના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છી તેઓના આપ્તજનો પર આવી પડેલ આપત્તિ અંગે હમદર્દી દર્શાવે છે."

## ૨. કપાસી નંદલાલ ખુશાલ

ભાવનગરનિવાસી કપાસી નંદલાલ ખુશાલભાઈ ગત પોષ શુદ ૧૪ ને મંગળવારના રોજ ૮૩ વર્ષની ઉંમરે સ્વર્ગવાસી થયેલ છે. તેઓ આપણી સભાના આજીવન સભાસદ હતા. સ્વભાવે મિલનસાર અને ધર્મપ્રેમી હતા. તેમના આત્માને પરમશાન્તિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

— પ્રસિદ્ધ થઈ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીકે છે —

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ઝપાટાબંધ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીના આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ રચનાઓ સહ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી રસીક કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ડાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

## બાર વ્રતની પૂજા અર્થ–સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા–અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઈ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી–મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો :-શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર


મુદ્રણસ્થાન : સાધના મુદ્રણાલય, દાણાપીઠ–ભાવનગર